ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બેદરકારીમાં જ બાળકોનો શ્વાસ રૂંધાય છે,*
*કર્તવ્ય ને કોથળે ફરજની લાશ ગંધાય છે.*
*બંધાય છે નનામી નિષ્પ્રાણ જવાબદારીઓ ની -*
*છટકબારીની લાપસી ચિત્તા પર રંધાય છે...*

હાઈકુ

*સૂતું છે તંત્ર,*
*નફ્ફટ-નિષ્ચેતન -*
*ઝૂલે પારણે...*
*(લૂલા બચાવ)*

*કરે ઉજાણી -*
*મંડરાય આકાશે,*
*સત્તા નાં ગીધો...*
*(રમે રાજકારણ)*

### ચિંતન

**અજાતં જાયતે યસ્માદજાતિઃ પ્રકૃતિસ્તતઃ ।**
**પ્રકૃતેરન્યથાભાવો ન કથંચિદ્ભવિષ્યતિ ॥**

**ઉપરોક્ત શ્લોક માંડુકયોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**અજન્મા (ચિત્ત) નો જ જન્મ થાય છે, તેથી અજાતિ જ એની પ્રકૃતિ છે, પ્રકૃતિની વિપરીતતા કોઈ પણ પ્રકારે ન થઈ શકે.**

**અજાતચિત્ત જે વાસ્તવમાં અજાત બ્રહ્મ જ છે. તેને વાદીઓ જન્મ પામેલું મોન છે. આમ તેમના કહેવાનો અર્થ થાય કે જે અજન્મા હતું તે જન્મ લે છે! હવે જેવો સ્વભાવ જ અજન્મા હોય તે કેવી રીતે જન્મ લઈ શકે ? જે પ્રકૃતિ હોય તેનો 'અન્યથા ભાવ' કયારેક શકય નથી, નહીં તો તેને 'પ્રકૃતિ' કે સ્વભાવ કહી જ ન શકાય. 'અજાતિ' એ ચિત્તની પ્રકૃતિ છે. એટલે ચિત્તના જન્મની કલ્પના અજ્ઞાનમૂલક છે. વળી અજાત ચિત્ત કશાનું કારણ ન બની શકે. કારણ કે જો તે કારણ બને અર્થાત્ કાર્યને પેદા કરે - તો તેની અજાત - પ્રકૃતિમાં અન્યથા ભાવ પેદા થયો કહેવાય. અને પ્રકૃતિમાં કોઈ પ્રકારનો અન્યથા ભાવ કદી શકય નથી.**

### સુવિચાર

- બણગાં બંધ થાય ત્યારે સચ્ચાઈને પોતાનું હીર બતાવવાની તક મળે - **પોલ યંગ**
- બનાવટ બહાર પડવાની. અત્તર છાંટેલા કાગળના ફૂલ કેટલા દિવસ સુગંધ આપશે - **જનકલ્યાણ**
- નાની નાની બાબતોથી પૂર્ણતા મળે છે, ને પૂર્ણતા કોઈ નાની બાબત નથી - **માઈકલ એજેલો**
- હું જો લાયક નહીં હોઉં તો મારા પૂર્વજોની કીર્તિ વટાવવાનો પ્રયાસ હું નહીં કરું - **યોગેન્દ્રનાથ**
- પ્રાર્થનાની એ શક્તિ હોય છે કે તમામ પ્રલોભનોની સામે એ ટટ્ટાર ખડી રહે છે - **સિસેરો**
- પોકળ પંડિતોની આગવી નાત હોય છે - **વિદૂર**
- આજનું ઔષધ : ખાલી પેટે ટામેટા પર મીઠું - મરી ભભરાવી ખાવાથી પેટમાંથી કૃમિ નાશ પામે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બંગાળના ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સાક્ષાત્ દયા કરુણાની જીવંત મૂર્તિ સમા હતા. એમના બાળપણમાં એમના માતા તરફથી દયા, પરોપકારના સંસ્કાર મળેલા હતા.

શિયાળાની એક સાંજે એક ભિખારણ પોતાના બાળકને તેડીને વિદ્યાસાગરના ઘર પાસેથી નીકળી. બાળ વિદ્યાસાગરે એને પોતાના ઘરે લઈ ગયા. અને કહ્યું, 'મા, ઠંડી ખૂબ છે, એકાદ શાલ જેવું કંઈક હોય તો આપો જેથી આ બાળક તથા તેની માતાનું ઠંડીથી રક્ષણ થાય.'

કંગાળ ભિખારણ તથા તેના બાળકને ઠંડીમાં ધ્રૂજતું જોઈ માતા લાગણીવશ બન્યા. જરા પણ વિચાર્યા વગર પોતાના શરીર પર ઓઢેલો ગરમ ધાબળો ઉતારી બાળ વિદ્યાસાગરને આપીને કહ્યું, 'જાઓ બેટા, પેલી ભિખારણ તથા તેના બાળકને તમે જાતે જ ઓઢાડી આવો.'

વિદ્યાસાગરના પિતા આવ્યા અને ખબર પડી કે નવો જ ખરીદેલો ધાબળો દાનમાં અપાઈ ચૂક્યો છે ત્યારે એમણે કહ્યું, 'નવો ધાબળો દાનમાં આપ્યો ? આ તમે શું કર્યું' માં બોલ્યા 'જે કરવા જેવું હતું એ જ મેં કર્યું છે. એમ કંઈ કુમળા બાળકને ઠંડીમાં ઠરવા દેવાય?'

# હવે હરિ કરે સો હોય...

**તંત્રીસ્થાનેથી...**

માણસ થાકે છે ત્યારે છેલ્લું શરણું ઈશ્વરનું લેતો હોય છે. ઈશ્વરનો ઈનકાર કરનારા નાસ્તિકો પણ જિંદગીના અંતિમ તબક્કે હથિયાર બેઠાં મૂકી દઈ આસ્તિક બની જતા હોવાના દાખલા નોંધાયેલા છે. રાજકારણ પણ આવી જ પલટાતી રહેતી આબોહવાવાળો ધંધો છે. એમાં કયારે બરકત રહેશે અને અચાનક કયારે મંદીનો દોર શરૂ થઈ જશે તે કલ્પવું મુશ્કેલ છે. એકાએક કશીક એવી ઘટના બને છે અને જીતેલી બાજી હારમાં પલટાઈ જતી હોય છે. શું આજથી છ મહિના પહેલાં કોઈએ કલ્પના સુધ્ધા કરી હશે કે રાહુલ ગાંધી ગુજરાતમાં જયાં જશે ત્યાં છવાઈ જશે ? ગુજરાત તો મોદીનો ગઢ છે. પરંતુ ત્રણ ત્રણ વાર વટપૂર્વક ચૂંટાઈને મુખ્યમંત્રી પદે આરૂઢ થયા પછી દેશનું સર્વોચ્ચ નેતૃત્વ અંકે કરનાર નરેન્દ્ર મોદી એમના હોમસ્ટેટમાં જ બેકફૂટ પર આવી જતા લાગે તે કોઈ નાનીસૂની ઘટના છે ? રાહુલ ગાંધી તો એના એ જ છે. પરંતુ હવે કોઈ એમને પપ્પુ કહીને ટોળાં પાસેથી તાળીઓ ઉઘરાવી શકે એમ નથી. હવે ખુદ મોદીએ એમના પ્રતિસ્પર્ધી વિરુદ્ધ સીમા સુરક્ષા જેવા મુદ્દા ઉખેડવા પડે છે. ડોકલામમાં શું ચાલી રહ્યું છે, એવા રાહુલના કથિત સવાલ સાથે ચીની રાજદૂતનો હવાલો આપવો પડે છે. રાહુલ ગાંધીએ તો એવો પ્રશ્ન કર્યો પણ હશે તો મજાક ખાતર કર્યો હશે. મોદીને એ દેશદ્રોહ જેટલો ગંભીર મુદ્દો લાગ્યો અને હિમાચલની ચૂંટણીમાં ભારે રોષપૂર્વક એ ઉછાળ્યો પણ ખરો. દિવાળી કરવા ચીનની સરહદ અર્થાત્ હિમાચલની ચૂંટણીના સૈનિક મતદારો વચ્ચે જ દોડી ગયા. જે પાણીએ મગ ચડે એમ હોય તે પાણીએ ચડવવાની આ મોદીબ્રાન્ડ રાજનીતિનું અનુકરણ રાહુલ ગાંધીએ પણ કયાં નથી કર્યુ ? તેઓ વીણી વીણીને મોદી સરકારનાં અધૂરાં વચનોની યાદ અપાવતા રહે છે. એમણે સૉફ્ટ હિંદુત્વ વાળી નવતર પ્રચાર શૈલી અજમાવી છે તે શું મોદી અને સંઘની રાજનીતિને એમની જ ભાષામાં અપાયેલ પ્રત્યુત્તર નથી ? ગુજરાતમાં યુવા ત્રિપુટી દ્વારા ચારી રહેલ આંદોલનોએ મોદીની ઊંઘ ઉડાડી દીધી છે. રાહુલ ગાંધીને વણમાગ્યા મુદ્દા અને કલ્પના બહારનું સમર્થન સાંપડી રહ્યું છે એમાં આ આંદોલનોનો સિંહફાળો છે. ઓછામાં પૂરું નોટબંધી અને જીએસટી જેવી બાબતોમાં કેન્દ્ર સરકાર દ્વારા કાચું કપાયું છે. ઉદ્યોગપતિઓને અપાયેલ લાભો હવે કોઈથી અજાણ્યા નથી રહ્યા. આ બધા મુદ્દાઓએ મૃતપ્રાય કોંગ્રેસના ખોળિયામાં નવી જ ચેતનાનો સંચાર કર્યો છે. એટલું જ નહીં, જેને અત્યાર લગી સાવ જ હળવાશથી લીધેલી તે કોંગ્રેસ પૂરી તાકાત સાથે સત્તાની ગંભીર પ્રતિસ્પર્ધી સ્વરુપે ઊપસી આવી છે. ભાજપને ખુદ એના જ નેતાઓ દ્વારા લેવાયેલાં કેટલાંક પગલાં ભારે પડી રહ્યાં છે. રાજયસભાની ચૂંટણી વખતે ભાજપ દ્વારા કરાયેલ બખડજંતરથી એની છાપ બગડી છે. હવે કોંગ્રેસના એ આયાતી ધારાસભ્યોને ટિકિટ આપીને કેવી રીતે જિતાડવા તે પ્રશ્ન ઊભો થયો છે. શંકરસિંહ વાઘેલાની વિદાયથી કોંગ્રેસ નબળી પડવી જોઈતી હતી, પરંતુ એવું કશું બન્યું નથી. ઊલટાની કોંગ્રેસ બમણાં જોશથી મેદાનમાં આવી છે અને શંકરસિંહ વાઘેલાના વિકલ્પે શક્તિસિંહ ગોહિલ ક્ષત્રિય નેતા તરીકે લોકપ્રિય બની રહ્યા છે. આ તમામ પરિસ્થિતિ આખરે તો કોંગ્રેસને એની વર્તમાન હાલત સુધારી સત્તાની નજીક પહોંચાડવામાં મદદરુપ થતી વરતાય છે. તેથી એક તરફ 'જય શ્રી રામ' અને બીજી તરફ 'જય સ્વામિનારાયણ' જેવાં સૂત્રો ઉપરાંત શિયા સૂફી મુસ્લિમોનો કાફલો ઉતારવાની કૂટનીતિ ભાજપને અજમાવવી પડે છે. સ્વામિનારાયણ સંપ્રદાય સાથે મોટી સંખ્યામાં સંકળાયેલા પાટીદારોને પાર્ટી તરફ આકર્ષવાના ગર્ભિત ઉદ્દેશ સાથે મોદીએ 'અક્ષરધામ'ના રજય જયંતી મહોત્સવમાં પ્રમુખ સ્વામીને ભવ્યાતિભવ્ય અંજલી આપી અને મહંત સ્વામીએ પોતાના હાથ પકડ્યો પછી શા ભાર છે કે પ્રતિષ્ઠાની પારાશીસી જેવો ગુજરાતનો ગઢ સરકી જાય - એવા વિશફુલ થિંકિંગ સાથે આ ચૂંટણી 'રામભરોસે' મૂકી દેવી પડી છે!

# તુલસી વિવાહનું રહસ્ય

પ્રસંગસર
પી. એમ. પરમાર

કાર્તિક સુદ - અગિયારસ દેવઉઠી સાથે તો સ્વયં પ્રકૃતિ અને પમેશ્વર, પૃથ્વીલોક અને દેવલોક, માનવ અને દાનવ, સ્વયંવિષ્ણુ ભગવાનો જોડાયેલા છે. કેવી રીતે? આવો જાણીએ :

પાતાળ લોકનો દાનવ દંબ વિષ્ણુભક્ત હતો. તેને કોઈ પુત્ર ન હોત તેથી તેણે પુત્ર માટે દૈત્યોના ગુરુ શુક્રાચાર્યનો સંપર્ક કર્યો. શુક્રાચાર્યે શ્રીકૃષ્ણ મંત્ર આપ્યો. વિષ્ણુ પ્રસન્ન થયા, પુત્રનું વરદાન આપ્યું.

દાનવ દંભને ત્યાં પારણું બંધાયું. પુત્ર જન્મ થયો. પુત્રનું નામ શંખચૂડ (કયાંક કયાંય જલંધર નામનો પણ ઉલ્લેખ છે.) રાખ્યું છે. પુત્રનાં લક્ષણ પારણામાંથી - એ ન્યાયે શંખચૂડ પરાક્રમો કરવા માંડ્યા. મોટા થઈ બ્રહ્માજીને પ્રસન્ન કરવા તપ કર્યું. બ્રહ્માજી પ્રસન્ન થયા. એવું વરદાન માગ્યું કે દેવતાઓ તેને કોઈ રીતે હરાવી જ ન શકે. તથાસ્તુ.

વિપ્રચિત્તિ દૈત્યનો પૌત્ર અને દભાસુરના પુત્ર શંખચૂડે વરદાન મળ્યા પછી સ્વર્ગમાં હાહાકાર મચાવી દીધો. તેનાં અપૂર્વ પરાક્રમોથી પ્રભાવિત થઈ ધર્મધ્વજ રાજાએ પોતાની કુંવરી તુલસી (અમુક કથાઓમાં વૃંદા નામ પર પ્રચલિત છે.)નાં લગ્ન શંખચૂડ સાથે કરાવ્યાં.

શંખચૂડે લગ્ન કર્યાં તે કુંવરી તુલસીએ જે બદરીવનમાં બાદરાયણે (વેદવ્યાસજી) જન્મ લીધો હતો તે બદરીવનમાં ઉગ્ર તપ કરીને અખંડ સૌભાગ્યનું વરદાન પ્રાપ્ત કર્યું હતું. શંખચૂડે આ જાણ્યું એટલે તે નિર્ભય થઈ ગયો. બબ્બે વરદાનોના રક્ષણ મળવાથી શંખચૂડે સ્વર્ગ ઉપર આક્રમણ કર્યું. દેવતાઓ હારી ગયા. શંખચૂડ સ્વર્ગનો માલિક બની ગયો.

દેવતાઓ હાર્યા પછી શિવજીને શરણે ગયા. શિવ ભગવાન અને બધા દેવતાઓએ ભેગા મળી સ્વર્ગ ઉપર ચડાઈ કરી. બ્રહ્માજીએ આપેલા વરદાનથી અને અખંડ સૌભાગ્યના તુલસીના વરદાનને લીધે શિવજી પણ હારી ગયા. આકાશવાણી થઈ કે સતી વૃંદા (તુલસી) નું શીલભંગ થાય તો જ શંખચૂડ મરાય. આના ઉપાય માટે દેવતાઓ વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાને મનોમંથનમાં આધારે એક જોખમી ઉપાય શોધી કાઢ્યો.

તુલસીના સતીત્વનો ભંગ કરવા સ્વયં વિષ્ણુ ભગવાને બનાવટી શંખચૂડનું આબેહૂબ સ્વરુપ ધારણ કર્યું. તેઓ તુલસીના રહેઠાણના સ્થળે પ્રગટ થયા. દેવતાઓને, શિવજીને હરાવી પોતે સ્વર્ગલોકનો સ્વામી બનેલ છે તેવું બનાવટી (જેની તુલસીને ખબર જ નથી) શંખચૂડે જણાવ્યું. વિજયના ઉન્માદમાં હર્ષોલ્લાસમાં શંખચૂડ - તુલસીને સહશયન કર્યું અને આ રીતે સતીત્વનું ખંડન થયું અને અખંડ સૌભાગ્યનું વરદાન શાપ સાબિત થયું.

સતીત્વનું ખંડન થયાના સમાચાર દેવતાઓને મળતાંની સાથે જ શિવજી સહિત શંખચૂડ સાથે યુદ્ધ શરૂ કર્યું. જેમાં શિવજીના ત્રિશૂળે શંખચૂડનો શિરચ્છેદ થયો. આ તરફ સહશયન કર્યા પછી તુલસીને શક ગયો કે મારા સ્વામી તો સ્વર્ગમાં છે તો તે અહીં કયાંથી ? તુલસીને સાચી વાતની ખબર પડતાંની સાથે જ વિષ્ણુને શાપ આપ્યો કે અત્યારે જ પથ્થર બની જાવ. આ પથ્થર 'શાલીગ્રામ' - થી ઓળખાય છે.

તુલસીએ પછી તપ કર્યું અને વિષ્ણુ ભગવાનને બનાવટી રૂપ (શંખચૂડ) ધરી ભોગવી છે એ માટે વિષ્ણુ જ પોતાના પતિ બને તેવું વરદાન માગ્યું. ભગવાને ખુશી કુશી વરદાન આપ્યું કે તથાસ્તુ. પછી તુલસીએ સ્થૂળ દેહનો ત્યાગ ત્યાંની ગંડકી નદીમાં કર્યો અને પછી તે કાંઠે વનસ્પતિમાં 'તુલસી' - સ્વરુપે પુનર્જન્મ લીધો.

શ્રીહરિ આજે પણ નેપાળ સ્થિત ગંડકી નદીના કિનારે શાલીગ્રામ સ્વરુપે તુલસી સાથે વાસ કરે છે. વિષ્ણુપ્રિયા તુલસીનું આથી જ આપણે ત્યાં ઘેરઘેર આંગણામાં તુલસીક્યારા સ્વરુપે કાયમી સ્થાન અપાયું છે. દીપ થાય છે, તુલસી પૂજા થાય છે, તુલસીવિવાહ થાય છે. તુલસી સ્વયં લક્ષ્મીસ્વરુપા છે. જયાં લક્ષ્મી છે ત્યાં સંસ્કાર છે, સમૃદ્ધિ છે, સુખ શાંતિ છે ત્યારે આજે દિવદિવાળીએ તુલસીની પૂજા કરી ધન્યતાની અનુભૂતિ કરીએ.

# શ્રવણ યાત્રાના અડીખમ પ્રવાસી : છેલભાઈ વ્યાસ




ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

દેશ આઝાદ થયો તે પહેલાનું સૌરાષ્ટ્ર એટલે નાના-મોટા રજવાડાઓનો ભાતીગળ પ્રદેશ. આવા દેશી રજવાડાઓના કેટલાક રાજવીઓ તેમની વ્યક્તિગત પ્રતિભાને કારણે મોટી શાખ પ્રાપ્ત કરી શક્યા હતા. તેમની સંપત્તિ પ્રમાણમાં ઓછી પરંતુ સમજ વિશેષ હતી. આવું એક નાનું રજવાડું એટલે હાલના અમરેલી જિલ્લાનું હડાળા. કાઠી દરબાર વાજસુરવાળા તેમના રાજવી હતા. દરબાર વાજસુરવાળા એટલે સાહિત્ય મર્મજ્ઞ તેમજ સાહિત્યકારોની કદરદાની માટે ઊંડી સમજ તથા સૂઝ ધરાવનાર જીવંત વ્યક્તિત્વ. દરબાર સાહેબ તેમની મહેમાનગતી માટે પણ જાણીતા હતા. આ નાના રજવાડાના રાજવીની શાખા મોટી હતી. દેશભરમાંથી કવિઓ—કલાકારો તેમજ કથાકારો અને વિદ્વાનો દરબાર સાહેબના મહેમાન બનતા હતા. સમર્થ સર્જક—સંશોધક ઝવેરચંદ મેઘાણીને પણ લોકસાહિત્ય તરફ ખેંચાણ થયું તેમાં એક મહત્વનુંકારણ એ દરબાર વાજસુરવાળા સાથેની મેઘાણીભાઈની મૈત્રીનું હતું. રાજવી કવિ કલાપીને દરબાર સાહેબ માટે ઊંડો સ્નેહાદર હતો. એકવાર દરબાર સાહેબને કોઈએ સૂચન કર્યું : "બાપુ ! એકવાર અકાળા વાળા ભટજીની કથા સાંભળવા જેવી છે." કથાના મર્મને પારખનારા રાજવીએ તરતજ ભટજીને કથા કરવા માટેનું વિધિવત્ નિમંત્રણ પાઠવ્યું. પરંતુ આ યજમાનને ત્યાં કથા કરવી એ જુદી વાત હતી એ ભટજી બરાબર સમજતા હતા. અહીં તો આખો રાજપરિવાર કથા સાંભળવા શ્રધ્ધાપૂર્વક બેસે. ઉપરાંત દરેક પાસે ભાગવતની પોથી હોય ! કથાકારની ખરી કસોટી થાય. મૂળ કથાને વફાદાર રહી દરેક વાત કથાકારે કરવી પડે. પરંતુ આ અકાળા ગામના ભટજીની વાત પણ જુદી હતી. તેમણે હરિકૃપા તથા ગુરુપ્રતાપે કથાનું એવું વાચન કર્યું કે રાજવી પરિવાર સહિત તમામ શ્રોતાવર્ગ કથાના પ્રવાહમાં તણાયો અને પ્રસન્નતા પામ્યો. આ સુંદર પ્રસંગ વિદ્યાવ્યાસંગી કથાકાર વિશ્વનાથ પ્રાણજીવન વ્યાસને સબંધિત છે. જેઓ એક જાણીતા કથાકાર તરીકે 'ભટ્ટજી' ના સ્નેહાળ સંબોધનથી ઓળખાતા હતા. ભટ્ટજીના જીવનની તેમજ આવી બીજી અનેક માણવી ગમે તેવી વાતો અમરેલીના 'મળવા જેવા માણસ' છેલભાઈ વ્યાસે તેમના સંભારણાઓમાં લખી છે. "સાચવી લીધેલાં ટાણાં" એવા હેતુપૂર્ણ શીર્ષકથી આ પ્રકાશન સુવિખ્યાત પ્રવીણ પ્રકાશન રાજકોટ તરફથી થયું છે. જીવનના સાડા સાત દાયકાની મંઝીલ તય કરનાર છેલભાઈએ ગમતાંનો ગુલાલ કરીને એક સાર્થક કહી શકાય તેવું સામાજિક – સાહિત્યીક કાર્ય કરેલું છે. પૂજ્ય મોરારિબાપુએ છેલભાઈના બે પુસ્તકોનું વિમોચન કરતાં "છલોછલ છેલભાઈ" ને બીરદાવ્યા અને તેમની અખંડ ચાલતી શ્રવણયાત્રા તરફ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી. સંસ્કારી ભૂદેવ પરિવારના મોભી છેલભાઈના પિતા સારા કથાકાર ઉપરાંત પુરુષાર્થમૂર્તિ તથા મત ઔદાર્ય ધરાવનાર નોખી માટીના માનવી હતા. ભટ્ટજીનું ગામ વડિયા સ્ટેટની હદમાં આવે. રાજ્યનું મોટું તથા મહત્વનું ગામ તેથી રાજવી પણ સમયાંતરે તેની મુલાકાત કરતા રહે. આવી એક અકાળા ગામની મુલાકાત દરમિયાન દરબાર સાહેબ અચાનકજ ભટ્ટજીના ઘેર પહોંચી ગયા. દરબાર સાહેબ સ્વેચ્છાએજ એક ભૂદેવના ઘેર પહોંચે તેમાં દરબારની સરળતા તથા સ્નેહ તેમજ કથાકાર ભૂદેવની ઊંચેરી શાખા અભિપ્રેત છે. બાપુની આગતા સ્વાગતા થાય છે. અચાનકજ દરબાર સાહેબ પોતાની સાથે રહેલા રાજ્યના સેક્રેટરીને સૂચના આપે છે : " ભટ્ટજીના ફળિયા પાછળનો વાડો (ખુલ્લી જગા) ભટ્ટજીને આપી દો. " રાજા તો ભૂપતિ છે. આથી આવી સૂચના તેઓ આપી શકે. રાજવી તો ગયા. પરંતુ અકિંચન ભટ્ટજીને ચેન ન પડે. તેઓ તક જોઈ રાજ્યના સેક્રેટરીને મળ્યા. સેક્રેટરીને કહ્યું " બાપુએ ભલે કહ્યું. મારે વધારાની જમીન જોઈતી નથી. મારો પાડોશી જે આ જમીનનો ઉપયોગ કરે છે તેને મારે દૂભવવો નથી ! " ત્યાગીને ભોગવવાની ઉષનિષદની સલાહ જાણે કે આવા વીરલાઓના શ્વાસોશ્વાસમાં વણાયેલી રહે છે. આવા ઉજળા વ્યવહાર થકી યશપ્રાપ્તિ કરનાર માનવીઓ સદાકાળ આપણી સ્મૃતિમાં જીવતા જાગતા રહે છે. આવા સંસ્કારી પિતાને ત્યાંજ પ્રિતમભાઈ વ્યાસ જેવા નોખી માટીના વ્યક્તિનો જન્મ થાય તે સ્વાભાવિક છે. પ્રિતમભાઈ વ્યાસ છેલભાઈના મોટાભાઈ. અનેક ઊંચા હોદ્દાઓ ભોગવનાર આ અમલદારમાં કદી કોઈને અમલદારશાહીની તુમાખીનો અણસાર પણ આવ્યો નથી.

સમાજના સંસ્કાર ઘડતરમાં સંતોનું મહત્વ અનેરું તથા અદકેરું છે. આ સંતોએ સંસ્કાર વેચ્યા નથી પરંતુ છૂટ્ટા હાથે વહેંચ્યા છે. સમાજ પાસેથી તેમણે લીધું છે તેનાથી અનેકગણું સમાજને પરત કરેલું છે. છેલભાઈની સ્મૃતિ અને શ્રધ્ધા સંતોના જીવન—કવન સાથે જોડાયેલી છે. તેથી સંતોના શબ્દચિત્રો વિશેષ જીવંત બન્યા છે. આ સંતો એ પોથી પંડિતો નથી. આ બધા તો અલખના આરાધકો છે અને ધાર્યું ધણીનું થાય એવી આસ્થા સાચવીને બેઠેલા છે. સાધુ તો 'દો રોટી અને એક લંગોટી' નો હક્કદાર

**અનુસંધાન પાના નં. ૫ પર**

# માણસે મસ્તક મૂંડવવા કરતાં મન મૂંડવવાની જરૂર છે : ગુરુ નાનક



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક સાહેબનો જન્મ કારતક પુર્ણિમા એટલે દેવદિવાળીના દિવસે ઇ.સ.૧૪૬૯ માં પાકિસ્તાનના પંજાબ પ્રાંતના લાહોરથી દસબાર ગાઉ તલવંડી અને આજના ' નાનકાના સાહિબ 'ગામમાં પિતા કાલુચંદ અને માતા તૃપ્તિને ત્યાં થયેલ. જનોઈના સંસ્કાર વખતે સુતરની જનોઇનો ઈન્કાર કરતાં તેમણે કીધું કે " દયા કપાસ સંતોષ સૂત જત ગંઠી સતવટ, એહ જનેઉ જીવકા હેત પાંડે ઘટ, ના એહ ટૂટે ન મલ લગે, ન પહજલે, .." જેવી દયારૂપી સૂતર અને તેમાંથી સંતોષરૂપી તાર નીકળે અને તપથી જેની ગાંઠ વળે તેવી જનોઈ પહેરવાનો આગ્રહ રાખ્યો. આવી ધાર્મિકવૃતિના નાનકને સંસારમાં જોતરવા ૧૪ વર્ષની ઉંમરે ગુરદાસપુર જિલ્લાના પખા ગામની સુલક્ષણા નામની કન્યા સાથે લગ્ન કરવામાં આવ્યા. તેમના બે પુત્રરત્નો શ્રીચંદ અને લક્ષ્મીચંદે તેમનું કુળ દિપાવ્યું.

બાળપણથી જ નિરંતર ઈશ્વરનું નામસ્મરણ લેવામાં લીન તેમને નિશાળમાં ગુરુએ 'પરબ્રહ્મ સિદ્ધ' બોલવાનું કહેતાં નાનકે તેનો અર્થ સમજાવવાનું ગુરૂને પૂછ્યું... ગુરૂએ કીધું કે એમાં શું સમજાવવાનું હોય! નાનકે જવાબા આપ્યો:' હું મોટો થઈને સમજાવીશ. ' ભણવામાં મન ન લાગતાં તેમને ખેતરમાં પાક ખાઈ જતાં પક્ષીઓને થાળી કે ગોફણ નાખીને ઉડાડવાની કામગીરી સોંપી. પરંતુ તેઓ પક્ષીઓ ઉડાડવાને બદલે તેમને આમંત્રિત કરી દાણા ખવડાવા લાગ્યા અને બોલતા જાયપહર કી ચિડીયા હર કા ખેત, ખાઓ મેરી ચિડીયા ભર ભર પેટ... પિતા ગુસ્સે થાય તો કહે તમે કહેશો તેમ કરીશ..પિતાએ તેમને ધંધા માટે ચીજ-વસ્તુઓ ખરીદવા અમુક રૂપિયા આપી કહ્યું કે લાભ થાય તેવું કરવાનું. તેઓ બજારમાં ખરીદી માટે જતા હતા ત્યાં ભૂખ્યા સાધુ-સંતો મળતાં તેમને જમાડવામાં આ પૈસા ખર્ચી નાખ્યા. પિતાએ જ્યારે ઠપકો આપ્યો ત્યારે કહ્યું કે ' તમે મને લાભ થાય તેવું કરવાનું કહેલું; ભૂખ્યા સાધુ-સંતોને ખવડાવવા કરતાં તમને કે મને આ લોક કે પરલોકમાં વધારે લાભદાયક બીજું શું હોય? ' દુકાને માલનું વજન કરતાં કરતાં ગણતરી એકથી બાર ગણ્યા પછી તેર બોલીને આગળ વધતા નહીં કેમકે ' તેરહ 'ના ઉચ્ચારણ પછી સતત ' તેરા' ' તેરા'નું રટણ સતત કરતા. કંટાળીને તેમને ગામ બનેવીને ત્યાં સુલતાનપુર મોકલી દીધા. ત્યાં તેઓ નવાબને ત્યાં મોદીખાનામાં ભંડારી તરીકે નોકરી કરવા લાગ્યા. નવાબના કોઠારોમાંથી તેઓ લોકોને અનાજ લૂંટાવા લાગ્યા. જ્યારે નવાબે હિસાબ માગ્યો ત્યારે નાનકે કહ્યું કે હિસાબ કરી લ્યો... હિસાબ બરાબર નિકળ્યો..કોઠારમાં કંઈ ઘટ્યું નહીં... તેથી નવાબનો નાનક પ્રત્યેનો અહોભાવ વધી ગયો અને બાદશાહે તેમને વજીર બનાવવાનું કહ્યું ત્યારે નોકરી જ છોડી દીધી. આ મોદીખાનું ' હંટી સાહેબ ' તરીકે ઓળખાય છે. અને બાદશાહનો ભાઈ જેનું નામ મર્દાના હતું તે તેમના સૌપ્રથમ અનુયાયી, આજીવન સાથીદાર અને પ્રિય શિષ્ય બન્યા...મર્દાના મુસ્લિમ હતા અને સરસ ગાયક હતા. નાનક ગાતા અને મર્દાના રબાબ વગાડત. બાલા હિંદુ શિષ્ય હતા. આમ, તેમની વાણીમાં હિન્દુ અને મુસલમાન ધર્મના સૂર હતા તેથી તેઓ બંનેની માટે એકતાના માટે નિમિત્ત બન્યા. અને તેથી જ તેઓ હિંદુકા ગુરુ,

**અનુસંધાન પાના નં. ૫ પર**

# સંબંધોમાં જોહુકમી : વ્યક્તિ ક્યારેક ખેંચાઈ જાય છે અને કયારેક ખર્ચાઈ પણ જાય છે



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

**(ગતાંકથી ચાલુ )**

એક યુવક યુવતીની સગાઈ થઈ. યુવકનો પોતાનો વ્યવસાય. યુવકનો વ્યવસાય એવા પ્રકારનો કે સવારે વહેલા ઊઠીને પોતાના વ્યવસાય ઉપર પહોંચવું પડે. સગાઈ પછી યુવતીએ યુવક ઉપર પોતાની જોહુકમી શરૂ કરીને આદેશ આપ્યો કે યુવક પોતાની સાથે દરરોજ મોદી રાત સુધી વ્હોટ્સએપ ઉપર ચેટિંગ કરે અથવા તો કોલથી વાતચીત કરે. યુવકને યુવતીના પ્રેમભર્યા આદેશને વશ થવું પડ્યું. યુવકને ઉજાગરા કરવાની ટેવ નહીં, વહેલી સવારે વ્યવ્સસયને કારણે ફરજિયાત જાગવું પડે, બપોરે ઊંઘ કરવાનો સમય ના મળે અને બંનેની સગાઈ અને લગ્ન વચ્ચે લાંબો સમયગાળો રહ્યો, લાંબા સમય ના સતત ઉજાગરા ને કારણે યુવક થોડા સમય પછી લાંબી બીમારીમાં ફસડાઈ પડ્યો. યુવક પોતાની વ્યથા કોઈને કહી પણ ના શકે અને સહી પણ ના શકે. પેલી યુવતીએ ભલે સ્નેહ અને પ્રેમ ખાતર, પોતાના પ્રેમની અભિવ્યક્તિ સ્વરૂપે પોતાના ભરથાર ઉપર જોહુકમી કરી હોય પણ તેના કારણે યુવક શારીરિક બીમારીમાં ફસડાઈ પડ્યો. યુવતીએ પોતાની જોહુકમી કરી ત્યારે યુવકની પરિસ્થિતિનો પણ જો વિચાર કર્યો હોત, પોતાની જાતને યુવકના સ્થાને મૂકી હોત તો કદાચ લાંબો સમય સતત રીતે પોતાની જોહુકમી ના ચલાવી હોત.

જોહુકમી તમામ પ્રકારના સંબંધોમાં થતી હોય છે. પિતા પુત્ર સાથે તો ક્યારેક પુત્ર પિતા સાથે જોહુકમી કરે છે. માતા પુત્રી સાથે અને પુત્રી માતા સાથે, એવી જ રીતે પતિ પોતાની પત્ની સાથે અને પત્ની પતિ સાથે, ભાઈ બહેન સાથે, સાસુ વહુ સાથે અને વહુ સાસુ સાથે. જોહુકમી કોણ કરે છે એનો આધાર બંને વ્યક્તિના સંબંધો, સ્વભાવ, ઉમર, કુટુંબ કે સંબંધોમાં તેનું સ્થાન, મોભો, આર્થિક પરિસ્થિતી, વ્યક્તિગત જીવનના મૂલ્યો અને વ્યક્તિત્વ ઉપર આધાર રાખે છે. જે કોઈ વ્યક્તિ જોહુકમી કરતી હોય, જે વ્યક્તિ સાથે જોહુકમી થાય છે એ વ્યક્તિ પોતાની પરિસ્થિતી એવી હોય છે કે લાચાર થઈને તેને જોહુકમીને વશ થવું પડે છે અને પછી યાતના ભોગવે છે. એ વ્યક્તિ કેટલી પીઃડા, કેટલી યાતના ભોગવે છે એનો અંદાઝ જોહુકમી કરનાર વ્યક્તિને ક્યારેય નથી આવતો.

સંબંધોમાં અંકુશ રાખનાર કેટલીક વ્યક્તિઓ એટલી ચાલાક અને ચતુર હોય છે કે સંબંધિત વ્યક્તિને ખબર પણ ના પડે એવી રીતે પોતાનું ધાર્યું કરવી લેતા હોય છે. કોઈ પણ વ્યક્તિ જ્યારે ડ્રાઈવિંગ શીખે છે ત્યારે શિખનાર વ્યક્તિને એવું લાગતું હોય છે કે કારનો અંકુશ પોતાના હાથમાં છે. હકીકતમાં કારનો અંકુશ શીખવાડના હાથમાં હોય છે. સંબંધોમાં પણ ક્યારેક એવું જ થાય છે. સંબંધિત વ્યક્તિને એવું લાગે છે કે પોતે કાર ચલાવે છે અને કારનો અંકુશ પોતાના હાથમાં છે પણ હકીકતમાં તેના ઉપર પ્રભુત્વ જમાવનાર વ્યક્તિ પાછલી સીટ ઉપર બેસીને કાર ચલાવતી હોય છે.

સંબંધોમાં કરાતી દાદાગીરી કે જોહુકમી સમાજમાં ફેલાયેલી દાદાગીરી જેટલી જ, કદાચ તેનાથી પણ વધારે ખતરનાક છે. પોતાનું સ્થાન, પોતાના સંબંધો પોતાની ઉમરનો ગેરલાભ લઈને અન્ય સંબંધિત વ્યક્તિ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી, દાદાગીરી કરી, જોહુકમી ચલાવીને પોતાના અંકુશનો રાજદંડની જેમ પ્રયોગ કરીને સંબંધોને અને સંબંધીઓને સતત તાણગ્રસ્ત રાખીને લાંબા સમયે સંબંધોને રફે દફે કરી દેતા હોય છે.

આમ જ્યારે વ્યક્તિ પોતાના સંબંધોના નાતે જ્યારે પોતાની જોહુકમી ચલાવે ત્યારે સામે વ્યક્તિની જગ્યાએ પોતાની જાતને મૂકીને, સામેની વ્યક્તિના જોડામાં પોતાનો પગ મૂકીને એ જુવે કે ખીલી હકીકતમાં ક્યાં ખૂંચે છે તો કદાચ સામેની વ્યક્તિની પરસ્થિતિ સાચી રીતે સમજી શકે અને પોતાની જોહુકમી ના ચલાવત. બીજાની જગ્યાએ આપણી જાતને મૂકીને તે વ્યક્તિની લાગણીઓને મેહસૂસ કરવી તેને સ્વાનુભૂતિ કહે છે. જોહુકમી કરનાર વ્યક્તિ ભલે સંબંધિત વ્યક્તિ ઉપર સહાનુભૂતિ ના રાખે પણ સ્વાનુભૂતિ રાખીને પણ વર્તન કરે તો પણ કદાચ અમુક હદે પોતાની જોહુકમી બંધ કરે એવી શક્યાતાઓ રહે છે

આપણે પણ આપણાં સંબંધોમાં જોહુકમી અને દાદાગીરી વ્યક્તિઓના સમૂહમાં તો નથી ને? જો એવું હોય તો અન્ય વ્યક્તિની નજરે પણ ક્યારેક દુનિયાને જોવાનો પ્રયત્ન કરીએ, અન્ય વ્યક્તિને જગ્યાએ આપણી જાત ને કાયમ અંહી તો ક્યારેક મૂકીએ, અન્ય વ્યક્તિને થતી વ્યથા અને પીડાની કલ્પના કરીએ અને આપની ઉપર જો કોઈ જોહુકમી કરે તો આપણને કવિ લાગણી થાય એની અનુભૂતિ કરીએ, તો, તો કદાચ આપણે આપણી જોહુકમી સંપૂર્ણ રીતે બંધ ના કરી શકીએ પણ ઓછી તો કરી જ શકીએ. આ માટે સતત સ્વજાગૃતિ અને આત્મનિરીક્ષણ જરૂરી છે.